eCriminal Case No.615/2024

--- :: આંક-૧ લગત હુકમ ::---

(૧) આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ-૧૩૮ અન્વયે દાખલ કરેલી છે. સદરહુ કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ ધ્યાને લેતા ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કર્યા બાદ તેઓએ આરોપીને પ્રોસેસની બજવણી કરાવવા માટે કોઈ અસરકારક કાર્યવાહી કરેલ નથી. સદરહુ કેસનું કામ આગળ વધારવા માટે આરોપીની હાજરી જરૂરી છે. પરંતુ સદરહુ કેસના કામે ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કર્યા બાદ આરોપીની હાજરી માટે કોઈ અસરકારક પ્રયત્ન કરવામાં આવેલ નથી અને તેને કારણે સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચાલતી નથી. આમ, સદર કેસના કામના ફરીયાદીને આ ફરીયાદ આગળ ચલાવવામાં કોઈપણ રસ ન હોવાનું કેસનું રેકર્ડ જોતા સ્પષ્ટપને ફલિત થાય છે. સદરહુ કેસના કામે આરોપીને સમન્સ / વોરંટ બજાવવા માટે ફરીયાદી તરફથી કોઈ અસરકારક પ્રયત્ન કરવામાં આવેલ નથી.

(૨) વધુમાં સદરહુ કેસના સંદર્ભે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૯ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે :-

**279. Non-appearance or death of complainant**.—

(1) If the summons has been issued on complaint, and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall, after giving thirty days' time to the complainant to be present, notwithstanding anything hereinbefore contained, acquit the accused, unless for some

reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by an advocate or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may, dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

(૩) સદરહુ કેસના સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલતોના વિવિધ ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી જણાઈ આવે છે જે નીચે મુજબ છે :-

નામદાર સર્વોચ્ચ અદાલતે ***એસ.રામાક્રીશ્ના વિ. એમ.રામી શેટ્ટી - 2008(2)GLH 434*** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે કે

" *જો ફરીયાદીનુ આ પ્રમાણે વર્તન હોય અને લાંબો સમય સુધી કોઈ કાર્યવાહી ન કરે તો તે ફરીયાદ લાંબો સમય સુધી રાખી શકાય નહી.* "

નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે *વિજયકુમાર વિ. સ્ટેટ ઓફ યુ.પી.* ***- 2008(1) DCR 19*** ના કેસમાં પેરા-૧૨ માં એવું ઠરાવેલ છે કે,

" જો ફરીયાદી મુદત તારીખે હાજર ન રહે તો, ફરીયાદ ડીસમીસ કરવા સિવાય મેજીસ્ટ્રેટ પાસે બીજો વિકલ્પ નથી. "

નામદાર ગુજરાત હાઈકોર્ટે *ભવાની ટેક્ષટાઇલ મિલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત [ક્રિમીનલ અપીલ નં.૨૪૦૪/૨૦૦૯, તા.૧૮/૦૧/૨૦૧૦]* ના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે કે,

" ફરીયાદીને નોટીસ બજવા છતાં ફરીયાદી હાજર ન રહે, પ્રોસેસ ફી ન ભરે અને ફરીયાદના કામે કોઈ આગળ કાર્યવાહી ન કરે તો ફરીયાદ કાઢી નાખવી તે વ્યાજબી છે. "

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે *કનુભાઈ ઈશ્વરભાઈ પટેલ વિ. ભરતભાઈ જશભાઈ પટેલ* **ACR 2011(2) 268 (Gujarat)** ના કેસમાં ઠરાવેલ છે કે,

" જ્યારે ફરીયાદી કે તેમના વિદ્વાન વકીલ શ્રી હાજર રહેતા ન હોય તે વખતે મેજીસ્ટ્રેટ સત્તાવિહીન નથી. તેવા સમયે મેજીસ્ટ્રેટ ફરીયાદ રદ કરી શકે છે. "

(૪) ઉપર મુજબની તમામ હકીકત અને નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલતોએ ઉપર જણાવેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા સદરહુ કેસના કામના ફરીયાદીને સદરહુ ફરીયાદ આગળ ચલાવવામાં રસ ન હોવાનું સ્પષ્ટ જણાઈ આવતું હોઈ અને સદરહુ ફરીયાદ ઘણા લાંબા સમયથી પેન્ડીંગ હોવા છતાં ફરીયાદી દ્વારા આરોપીને ઘણા લાંબા સમયથી પ્રોસેસની અસરકારક બજવણી કરાવડાવેલ ન હોઈ હાલની ફરીયાદ કાઢી નાખી ફાઈલે કરવી યોગ્ય જણાય છે. જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

- ફરીયાદીની હાલની ફરીયાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૯ અન્વયે ફરીયાદી દ્વારા આરોપીને ઘણા લાંબા સમયથી પ્રોસેસની અસરકારક બજવણી ન કરાવડાવવા સબબ ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

➢ સદર કેસના કામના આરોપીને the Negotiable Instruments Act, 1881 ની કલમ-૧૩૮ ના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૫ મી માહે જુન સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:૦૫/૦૬/૨૦૨૬

અમદાવાદ.

Digitally signed by
CHAITANYAKUMAR GOPALDAS DESAI (GJ01211)
on 05/06/2026 16:55:33 IST.

**(ચૈતન્યકુમાર ગોપાલદાસ દેસાઈ)**
પ્રીસાઈડીંગ ઓફીસર
SARAS N.I. Court No.1
CJM Courts, Ahmedabad City
Code No. GJ 01211